તમે અનુગ્રહને ભક્તિનું કારણ બતાવી રહ્યા છો, પણ શાસ્ત્રમાં તો ઊલટો જ ક્રમ દૃષ્ટિગોચર થાય છે, એટલે કે ભક્તિ કારણ છે અને અનુગ્રહ કાર્ય છે. તેવાં વચનો આ છેઃ 'भक्त्यैव तुष्टिमभ्येति विष्णुर्नान्येन केनचित्' વિષ્ણુ કેવળ ભક્તિથી જ સંતોષને પ્રાપ્ત થાય છે, બીજા કોઈ પણ સાધનથી નહિ. 'भक्त्या तुतोष भगवान् गजयूथपाय' ભગવાન ગજેન્દ્ર ઉપર ભક્તિથી સંતુષ્ટ થયા, 'प्रियतेऽमलया भक्त्या हरिरन्यद्विडम्बनम्' સર્વ દુઃખહર્તા પ્રભુ નિરુપાધિક ભક્તિથી જ સંતોષ પામે છે, અન્ય સાધન વિડમ્બના છે. આ વાક્યોથી એમ સિદ્ધ થાય છે કે ભક્તિથી પ્રભુનો તોષ–અનુગ્રહ થાય છે એટલે ભક્તિથી પ્રભુ અનુગ્રહ કરે છે, તેથી [૧]અનુગ્રહને ભક્તિનું કાર્ય માની

૧ વાદી અહીંથી અનુગ્રહનો અર્થ સંતોષ એવો કહી શંકા કરે છે.

તે ભક્તિમાં ધર્મોને કારણ માનવા તે જ ઠીક લાગે છે.

**દામોદરદાસ**–ધર્મ રહિત જીવની પણ પ્રભુમાં ભક્તિ જોવામાં આવે છે, તો પછી ધર્મને ભક્તિનું કારણ કેમ કહેવાય ?

**કૃષ્ણદાસ**–જ્યાં ધર્મ વિના પણ ભક્તિરૂપ કાર્યની સિદ્ધિ જોવામાં આવે ત્યાં પૂર્વજન્મના ધર્મ કારણરૂપે છે જ તેવું અનુમાનથી કેમ ન કલ્પાય ? કારણ કે કારણ વિના કાર્યનિષ્પત્તિ સંભવે નહિ, તેથી તેવે સ્થલે જન્માન્તરના ધર્મ અનુમાનથી કારણરૂપે કલ્પવા જ ઉચિત છે.

**દામોદરદાસ**–જન્માન્તરીય ધર્મને અનુમાનથી કારણરૂપે કલ્પવામાં તમને અન્યોન્યાશ્રય નામનો દોષ પ્રાપ્ત થાય છે, એટલે કે જ્યાં ધર્મ વિનાના પુરુષોને ભક્તિ સિદ્ધ થઈ ત્યાં તમો જન્માન્તરીય ધર્મની કલ્પના કરો, પણ તે કલ્પના ક્યારે થઇ શકે કે જ્યારે સર્વત્ર ધર્મરૂપ કારણથી જ ભક્તિરૂપ કાર્યની ઉત્પત્તિ જોવામાં આવે, તે ક્યારે જોવામાં આવે કે જ્યારે ધર્મરહિત મનુષ્યોની થયેલી ભક્તિમાં પણ જન્માન્તરીય ધર્મની કલ્પના થઈ જાય. આવી રીતે બન્ને ઠેકાણે ભક્તિરૂપ કાર્ય ધર્મથી જ થાય છે તેવું સિદ્ધ કરવામાં જન્માન્તરીય ધર્મનું અનુમાન કરવું પડે છે, અને જન્માન્તરીય ધર્મનું અનુમાન કરવામાં ભક્તિરૂપ કાર્ય સર્વત્ર ધર્મથી જ સિદ્ધ થાય છે તેવું દોષરહિત સિદ્ધ કરવું પડે છે. તેથી અહીં અનુમાનથી જન્માન્તરીય ધર્મની સિદ્ધિ તથા સર્વત્ર ધર્મથી જ ભક્તિકાર્યની સિદ્ધિ આ ઉભયવિધ સિદ્ધિમાં બન્ને સિદ્ધિઓને સિદ્ધ કરવાની અપેક્ષા રહે છે, તેથી તે [૧]અન્યોન્યાશ્રય દોષ કહેવાય. અને તેવું દોષયુક્ત કારણ માનવું તેના કરતાં અનુગ્રહને જ કારણ માનો.

---

૧ જ્યાં બે પદાર્થોના જ્ઞાનમાં બન્ને પદાર્થો પરસ્પર જ્ઞાનની અપેક્ષા રાખતા હોય તે અન્યોન્યાશ્રય કહેવાય; જેમકે એક ઘોડાગાડી હાંકનારને તેના શેઠને જાણવાની ઇચ્છાથી કોઈએ પ્રશ્ન કર્યો 'તારો શેઠ કોણ ?' જવાબમાં 'આ ઘોડાનો શેઠ તે મારો શેઠ.' આ ઘોડાનો શેઠ કોણ ?' ઉત્તરમાં 'મારો શેઠ તે ઘોડાનો શેઠ,' અહીં ઘોડાના તથા મનુષ્યના શેઠને જાણવમાં પરસ્પર બન્નેના શેઠને જાણવાની આકાંક્ષા રહે છે તેથી આવા દોષને 'અન્યોન્યાશ્રય' કહેવાય. **અનુવાદક**

**કૃષ્ણદાસ**–જન્માન્તરીય ધર્મની કલ્પના કેવળ અનુમાનથી જ કરવામાં આવતી નથી કે જેથી અન્યોન્યાશ્રય દોષ સંભવે, પરંતુ પ્રમાણથી [1]"સહસ્ર જન્મો સુધી તપ, જ્ઞાન તથા સમાધિ કરતાં કરતાં પુરુષોનાં પાપો ક્ષીણ થાય છે અને તે પાપરહિત મનુષ્યોની કૃષ્ણમાં ભક્તિ થાય છે" એ શ્રીભાગવતનું વચન પણ જન્માન્તરીય ધર્મને કારણ કલ્પવામાં પ્રમાણ છે, તેથી ધર્મની ભક્તિ પ્રતિ કારણતા તો દોષરહિત જ કહેવાય.

**દામોદરદાસ**–ધર્મ, અનુગ્રહ, ભક્તિ, આવા ક્રમમાં તમે મધ્યમાં રહેલા અનુગ્રહના પ્રતિ ધર્મની કારણતા ન સ્વીકારતાં ભક્તિ પ્રત્યે સ્વીકારો છો, તે કરતાં અનુગ્રહના પ્રતિ જ ધર્મની કારણતા માની, તે અનુગ્રહ દ્વારા ધર્મની ભક્તિના પ્રતિ કારણતા માનવામાં શી હરકત છે?

**કૃષ્ણદાસ**–અનુગ્રહ દ્વારા ભક્તિના પ્રતિ ધર્મનું કારણત્વ સ્વીકારવામાં કોઈ પ્રમાણ મળતું નથી, પણ 'ધર્મ ભક્તિના પ્રતિ સાક્ષાત્કારણ છે' તેવાં વાક્યો ઉપલબ્ધ થાય છે; અને તે તમોને પ્રથમ દર્શાવ્યાં પણ છે: 'મારી અમૃતતુલ્ય કથામાં શ્રદ્ધા રાખવી' વગેરે; તેથી ધર્મ તો ભક્તિના પ્રતિ સાક્ષાત્કારણ છે, પરંપરા નહિ

### અનુગ્રહના પ્રતિ ધર્મની કારણતા માનવામાં દૂષણો

(૧) 'અનુગ્રહ ધર્મજન્ય છે' આવું માનવામાં જેમ યજ્ઞ કરવાથી એક અપૂર્વ ઉત્પન્ન થાય છે અને તે એક ધર્મવિશેષ મનાય છે તેમ ધર્મથી ઉત્પન્ન થનારો અનુગ્રહ શું એક ધર્મવિશેષ છે અથવા પ્રભુની જીવને ફલદાન કરવાની ઇચ્છારૂપ છે?

(૨) **પ્રથમ પક્ષ** (અનુગ્રહજન્ય ધર્મ છે આવો પક્ષ) સ્વીકારવામાં તો કોઈ પણ પ્રમાણ મળતું ન હોવાથી તે અપ્રામાણિક ઠરે છે.

**દામોદરદાસ**–પ્રમાણોપલબ્ધિ ભલે ન થતી હોય, પરંતુ અનુગ્રહને

(૧) जन्मान्तरसहस्रेषु तपोज्ञानसमाधिभिः ।
नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते ।

ધર્મવિશેષ સ્વીકારવામાં અડચણ શી?

**કૃષ્ણદાસ**—અડચણ એટલી જ કે એક નિષ્પ્રયોજન નવા પદાર્થની કલ્પના કરવી પડે છે અને તેથી ગૌરવ દોષ થાય છે, માટે તેવો દોષ-યુક્ત પ્રથમ પક્ષ સ્વીકૃત થતો નથી.

## દ્વિતીય પક્ષનું ખંડન

જીવને ફલદાન કરવાની પ્રભુની ઇચ્છાને જ અનુગ્રહ માનીએ તો પ્રભુની નિત્યતાને લઈને તેની ઇચ્છા પણ નિત્ય ઠરે છે, એટલે કે ત્રણે કાલમાં રહેનારી ઠરે. તેમજ નિત્ય કારણરૂપ પ્રભુની ઇચ્છા સાથે અનિત્ય ધર્મનું સહકારિકારણપણું સ્વીકારવું તે તો પ્રત્યક્ષબાધિત છે, એટલે કે ઘટ પટ વગેરે કાર્યોમાં પણ તેવું કદી જોવામાં આવ્યું નથી. વળી તે ઇચ્છા જ ભક્તિનું કારણ હોવાથી અને ભક્તિ એ મુક્તિનું કારણ છે તેથી સૃષ્ટિના આરંભમાં જ આગળ મુક્ત થનારાઓની મુક્તિ થઈ જવી જોઈએ, અને મુક્ત થયેલાઓનો પુનર્જન્મ ન હોવાથી ભૂતલ ઉપર દૃષ્ટિગોચર થતા આધુનિક ભક્તોનું દર્શન પણ અનુપપન્ન થાય છે. આવી રીતે બીજો પક્ષ પણ દૂષણગ્રસ્ત હોવાથી માન્ય થઈ શકે તેવો નથી.

## પ્રથમ પક્ષમાં પણ આ જ દોષ

અનુગ્રહને ભગવાનના ધર્મ તરીકે સ્વીકારવામાં પણ (સૃષ્ટિના આરંભમાં જ ભાવી મુક્તોની મુક્તિ અને તેથી આધુનિક ભક્તોનું દર્શન ન થવું જોઈએ) આ દોષ લાગુ પડે છે, કારણ કે ભગવાનના ધર્મ પણ ઇચ્છાની પેઠે નિત્ય જ છે.

**દામોદરદાસ**—અનુગ્રહને ભગવદ્ધર્મ માની તેને નિત્ય ન માનતાં કાર્ય પરત્વે ઉત્પન્ન થતો માનવાથી ઉપર બતાવેલા દોષને સ્થાન ક્યાં છે?

**કૃષ્ણદાસ**—અનુગ્રહને ભગવદ્ધર્મ માની તેને અનિત્ય માનવો આવો ભગવદીયોનો મત ન હોય, તેવો મત તો બહિર્મુખ લોકોનો હોઈ શકે, તેથી તેમ માનવામાં તમારો પ્રવેશ પણ તે લોકોમાં થવા જાય છે.

## અનુગ્રહને જન્ય માનવામાં બીજાં પણ દૂષણો.

અનુગ્રહને જન્ય માનવાથી તેનું કારણ પણ શોધવું જોઇએ. પ્રભુની ઇચ્છાને તેના કારણ તરીકે સ્વીકારવામાં પ્રભુઇચ્છા નિત્ય હોવાથી તેનું કાર્ય અનુગ્રહ પણ નિત્ય થશે, અને તે અનુગ્રહ ભક્તિનું કારણ હોવાથી ભક્તિ પણ નિત્ય થવા લાગશે, અને તેમ થવામાં મુક્તિને વિલમ્બ થવાનું પણ કંઇ કારણ રહેશે નહિ, તો પછી આધુનિક ભક્તોનું દર્શન તો કેમ જ સંભવે ? તેમજ અનુગ્રહનું કારણ ધર્મ સ્વીકારવામાં પણ આ દોષ ટકી રહે છે.

**દામોદરદાસ**–પ્રભુની ઇચ્છાને જ અનુગ્રહનું કારણ માની તે ઇચ્છાને અનિત્ય માનો કે જેથી પૂર્વોક્ત દોષ ન રહે.

**કૃષ્ણદાસ**–પ્રભુની ઇચ્છાને જન્ય–કાર્ય–માનવામાં તેનું કારણ પણ તે પ્રભુમાં જ રહેનારું જ્ઞાન સંભવે; એટલે કે પ્રથમ પ્રભુ એવું સમજે કે આ જીવને ફલદાન કરવું છે, તેવા જ્ઞાનથી તેવી ઇચ્છા જન્મે, અને તે ઇચ્છાથી અનુગ્રહ થાય અને તેથી જીવ ભક્ત બની મુક્તિ પામે, પરન્તુ એક જ સ્થાનમાં–પ્રભુમાં–સ્થિતિ કરનારાં જ્ઞાન તથા ઇચ્છા છે. આ બેમાંથી જ્ઞાનને નિત્ય તથા કારણ માનવું અને તે જ પ્રભુઇચ્છાને જન્ય–કાર્ય–તથા અનિત્ય માનવી એ તો છેક યુક્તિથી પણ વિરુદ્ધ કહેવાય, કારણ કે પ્રભુની નિત્યતા હોવાથી જ તેના જ્ઞાનની તથા ઇચ્છાની નિત્યતા તથા સર્વવિષયકતા સિદ્ધ થઈ રહે છે.

વળી અનુગ્રહને જન્ય માનવાથી તે અનિયત ઠરે છે; તેથી જેમ પર્વતમાંથી અગ્નિની અપેક્ષા રાખનારો મનુષ્ય ધુમાડો ન દેખાવાથી પર્વતના અગ્નિ માટે ( પર્વત ઉપર જવું વગેરે. ) પ્રયાસ નથી કરતો, તેમ અનુગ્રહથી જ પ્રાપ્ત થતી ભક્તિ માટે અનુગ્રહનું અનિયતપણું સમજનારો ભક્ત્યર્થી પુરુષ પણ નિઃશંક થઇ શ્રવણાદિમાં પ્રવૃત્તિ નહિ કરે.

**દામોદરદાસ**–ભક્તિમાં પક્ષપાત તથા અતિશય શ્રદ્ધા થવાથી જીવ સમજી શકે છે કે મારા ઉપર પ્રભુનો અનુગ્રહ છે અને તેથી નિઃસન્દિગ્ધ બની ભક્તિના સાધનનાં શ્રવણાદિમાં પ્રવૃત્તિ કરશે.

**કૃષ્ણદાસ**–તમારા કહેવા પ્રમાણે જો જીવ પોતાના ઉપર પ્રભુનો અનુગ્રહ છે તેવું સમજશે તો પછી કાયક્લેશસાધ્ય શ્રવણાદિમાં પ્રવૃત્તિ જ નહિ કરે, કારણ કે તે સમજી ચૂક્યો કે પ્રભુના અનુગ્રહથી જ ભક્તિ થાય છે અને તે મારા ઉપર છે તો પછી શા માટે કાયાને ક્લેશ આપી શ્રવણાદિક સાધનો કરવાં ? આમ થવાથી “ (1)જે શ્રીભાગવતની કથાનું શ્રવણ કરવાથી પરમપુરુષ શ્રીકૃષ્ણમાં ભક્તિ થાય છે અને તે ભક્તિ થવાથી શોક, મોહ તથા ભય દૂર થઈ જાય છે ” એ વાક્યમાં બતાવેલી ભક્તિ માટેની શ્રીભાગવતમાં શ્રીવ્યાસજીની પ્રવૃત્તિની ઉક્તિ પણ વિરુદ્ધ પડે છે.

વળી અનુગ્રહથી જ ભક્તિ પ્રાપ્ત થાય છે, અન્ય સાધનોથી નહિ, આવી પ્રણાલિકાથી શાસ્ત્રનો અર્થ સમજાવવાથી ભક્તિમાં અભિનિવેશ પામેલા પુરુષને વિધિ નિષેધથી પ્રાપ્ત થતું કર્તવ્યાકર્તવ્યનું નિયમન તો કશા કામનું જ નહિ રહે, કારણ કે ભક્તિનું કારણ કેવળ પ્રભુનો અનુગ્રહ છે, તેવું સમજ્યા પછી અકિંચિત્કર–કંઈ ન કરી શકે એવા–વિધિનિષેધના નિયમનને તે શા માટે સ્વોપયોગમાં રાખે, આવી જ રીતે જો ગુરુશિષ્ય-પરંપરા ચાલે તો ભક્તિ કરનારાઓમાંથી સન્ધ્યાવન્દનાદિ શિષ્ટાચારનો ઉચ્છેદ જ થઈ જાય, અને તેમ થવું તે ન્યાયયુક્ત ન કહેવાય.

**દામોદરદાસ**–સર્વાત્મભાવપૂર્વક અનન્ય ભક્તિમાં સર્વ ધર્મોનો ત્યાગ જ ઉપદેશ્યો છે, તેથી સર્વધર્મત્યાગ તો ભક્તિમાર્ગમાં ઇષ્ટ જ કહેવાય.

**કૃષ્ણદાસ**–સર્વધર્મત્યાગનો ઉપદેશ તો ઉચ્ચ કોટિની–ફલરૂપા–ભક્તિમાં જ ઇષ્ટ હોય, વળી તે ત્યાગ કરવો પણ ન પડે–એ તો આપો-આપ જ થઇ જાય. જો સમજ્યા છતાં સર્વધર્મત્યાગ જીવ કરે તો તે પાપી બને, કારણ કે પ્રભુ આજ્ઞા કહે છે કે શ્રુતિ તથા સ્મૃતિ આ

(1) यस्यां वै श्रूयमाणायां कृष्णे परमपूरुषे ।
भक्तिरुत्पद्यते पुंसोः शोकमोहभयापहा ।

બન્ને મારી આજ્ઞાઓ છે, તેથી આનું ઉલ્લંઘન કરીને વર્તનારાને મારી આજ્ઞાને ન માનનારો તથા મારો દ્વેષ કરનારો સમજવો, અને એ મારો ભક્ત હોય તોપણ મને પ્રિય લાગતો નથી." તેથી જ ભરતજીને પણ પોતાની રાજશરીરદશામાં તેવી સર્વધર્મત્યાગપૂર્વકની સ્થિતિ પ્રાપ્ત થઈ ન હતી, પરન્તુ સર્વાત્મભાવપૂર્વકની અનન્ય ભક્તિવાળી **બ્રાહ્મણશરીર-અવસ્થામાં** જ પ્રાપ્ત થઇ હતી. તે શું બતાવે છે? તે એ જ બતાવે છે કેઃ–સર્વાત્મભાવવાળી અનન્ય ભક્તિમાં જ સર્વધર્મત્યાગ ઇષ્ટ છે.

**[1]વાદી પોતાના મતનો ઉપસંહાર કરી પૂર્વપક્ષ સ્થિર કરે છે.**

જેમ નેત્રદોષવાળા પુરુષના નેત્રમાં દોષનિવારક અંજન નાખવાથી તેનું નેત્ર શુદ્ધ બની ઘટપટ વગેરે વસ્તુઓનું યથાર્થ જ્ઞાન કરવા યોગ્ય બને છે, તેમ જ વિષયલાલસાઓથી રહિત થઇને આચરણ કરવામાં આવેલા અનેક જન્મોના વર્ણાશ્રમધર્મથી અંતઃકરણ શુદ્ધ બને છે, અને તે શુદ્ધ થયેલા અંતઃકરણથી ભગવદ્દભક્તિ જ પરમ પુરુષાર્થ છે, આવા શાસ્ત્રના અર્થનો [2]નિશ્ચય કરે છે, અને તેવો નિશ્ચય કર્યા બાદ ભક્તિને માટે વર્ણાશ્રમધર્મના આચરણથી ભક્તિરૂપી ફલ સિદ્ધ થાય છે અને તે ભક્તિથી પ્રભુ જીવ ઉપર અનુગ્રહ કરે છે, અને તેથી મોક્ષ પ્રાપ્ત થાય છે. આવા પ્રકારના રાજમાર્ગને જાણનારાઓને શંકાખોરરૂપી ચોરનો ઉપદ્રવ ન હોવાથી જ્ઞાનરૂપી ધનની ચોરી પણ નહિ થાય.

**વલ્લભદાસ**–તમે નિષ્કામ ધર્માચરણથી ચિત્તશુદ્ધિ દ્વારા ભક્તિમાં નિષ્ઠા થાય છે તેવું કહ્યું, પરંતુ ચિત્તશુદ્ધિ થયા પછી કેટલાકની જ્ઞાનમાં નિષ્ઠા જોવામાં આવે છે, કેટલાક ચિત્તશુદ્ધિવાળાઓની ભક્તિમાં નિષ્ઠા

૧ આ પ્રમાણે વાદી કૃષ્ણદાસે પોતાનો પૂર્વપક્ષ દામોદરદાસ તથા વલ્લભદાસને સંભળાવ્યો તેમાં દામોદરદાસે વચમાં એકદેશી તરીકેનું કામ સાર્યું, હવે વલ્લભદાસ સિદ્ધાન્તદૃષ્ટિથી ભક્તિનું કારણ સમજાવે છે.

૨ તેવો નિશ્ચય થવો પણ ઉચિત છે, કારણ કે जन्मान्तरसहस्रेषु 'હજારો જન્મમાં' ઇત્યાદિ વાક્યથી હજારો જન્મમાં આચરેલા વર્ણાશ્રમધર્મનું ફલ તેવું જ હોવું જોઈએ.

દેખાય છે તેનું શું કારણ? અને તે જ્ઞાનમાં નિષ્ઠા પણ ભક્તિનો અનાદર કરીને કેવળ જ્ઞાનમાં જ બને તે યુક્ત છે, કારણ કે જ્ઞાનીપણું તથા ભક્તપણું એકત્ર જોવામાં આવતું નથી. તેથી જ જ્ઞાની ભક્તની પ્રશંસા કરતાં શ્રીમદ્વલ્લભાચાર્યચરણોએ સ્વકૃત નિબંધમાં 'જ્ઞાની જો કૃષ્ણને સેવે તો તેથી અધિક કોઈ નથી' આમ ઉપદેશ્યું અને જ્ઞાની તથા ભક્ત આ બેઉની વિલક્ષણતા તો જગજાહેર છે. તે વાત ચિત્તશુદ્ધિરૂપ કારણની એકતામાં ન ઘટે, તેથી કારણમાં બે પણું અવશ્ય સ્વીકારવું જોઈએ.

**કૃષ્ણદાસ**–તો ચિત્તશુદ્ધિમાં જ અવાન્તર ભેદ માનો, એટલે ચિત્ત-શુદ્ધિ થયા બાદ તેના અવાન્તરભેદથી જ્ઞાન તથા ભક્તિ આ ઉભયમાં નિષ્ઠા ઉત્પન્ન થઈ શકશે.

**વલ્લભદાસ**–ચિત્તશુદ્ધિ કરનારા ધર્મો તો જ્ઞાનમાં તથા ભક્તિમાં સમાન જ છે, તો પછી ચિત્તશુદ્ધિમાં અવાન્તરભેદ નિર્મૂલ કેમ સંભવે? બીજું, ચિત્તશુદ્ધિ ભક્તિ ઉત્પન્ન કરવામાં પોતાથી અતિરિક્ત કારણની અપેક્ષા રાખે છે એવું કહો તો જ્ઞાન ઉત્પન્ન કરવામાં પણ ચિત્તશુદ્ધિને પોતાથી અતિરિક્ત કારણની અપેક્ષા કાં ન રહે?

## ભક્તિનું કારણ લોકવેદાતીત પ્રભુનો અનુગ્રહ છે.

તેથી સૃષ્ટિના પ્રારંભમાં ધર્માદિ સાધનરહિત જીવની પહેલવહેલી ભક્તિમાં જે પ્રવૃત્તિ જોવામાં આવે છે તે જેમાં અન્ય સાધનોના સંબંધ રહિત ભગવદનુગ્રહથી જ થયેલી તમારે માનવી જોઈએ, કારણ કે તે વખતે જીવનાં કોઈપણ પ્રકારનાં સાધનો પણ ઉપલબ્ધ નથી, તેમજ તે ભક્તિમાં પ્રાથમિક પ્રવૃત્તિ પ્રકારાન્તરથી ઉત્પન્ન થઈ શકતી નથી.

**કૃષ્ણદાસ**-સૃષ્ટિના આરંભમાં થયેલી જીવની ભક્તિપ્રવૃત્તિમાં પણ અનુમાનથી પૂર્વજન્મના ધર્મ કારણ તરીકે કાં ન કલ્પાય? જેમ ભોજ-નાદિ ક્રિયામાં પ્રવૃત્તિ કરતી વખતે અનુગ્રહની જરૂર પડતી નથી, તેમ ભક્તિ પણ એક પ્રકારની ક્રિયા હોવાથી તેમાં પણ અનુગ્રહ સિવાયના ધર્મને કારણ સ્વીકારો.

**વલ્લભદાસ**–ભોજનાદિ અન્ય ક્રિયા જેવી આ ભક્તિ ક્રિયા નથી

કે જેમાં અનુગ્રહ સિવાય પ્રવૃત્ત થઈ શકાય, કિન્તુ આ ભક્તિરૂપી ક્રિયા એક ઔર પ્રકારની જ છે, એટલે તેમાં અનુગ્રહ સિવાય ચાલે જ નહિ. જુઓ, નારદજી પ્રહ્લાદ વગેરે ભક્તોનું ભક્તિમાં પ્રવૃત્ત થવામાં પ્રભુના અનુગ્રહ સિવાય શું કારણ હતું ? વળી 'જેને સ્વીકારે તેને જ તે પ્રભુ મળે' આ શ્રુતિવાક્ય પણ અનુગ્રહની જ કારણતા બતાવે છે.

**કૃષ્ણદાસ**–આ તો તમે મારી જ વાતને ફરીથી કહો છો. હું પણ અનુગ્રહને સહકારી કારણ તરીકે તો સ્વીકારું જ છું, એટલે કે ચિત્તશુદ્ધિ અનુગ્રહની સાથે મળીને ભક્તિ ઉત્પન્ન કરે છે, કેવળ નહિ. જો તમારો એવો જ આગ્રહ હોય કે એકલો અનુગ્રહ જ ભક્તિ ઉત્પન્ન કરી શકે છે તો ચિત્તશુદ્ધિ થયા પહેલાં પણ તે થવી જોઈએ.

**વલ્લભદાસ**–જ્યારે તમો સહકારી કારણ તરીકે પણ અનુગ્રહને સ્વીકારો છો તો પછી આવશ્યક તથા એક જ અનુગ્રહને છોડીને અનાવશ્યક તથા અનેક ધર્મોમાં કારણતા શા માટે સ્વીકારવા જોઈએ ? વળી અનુગ્રહને કારણ માનવામાં 'यमेवैष वृणुते लभ्यः' 'જેના ઉપર આ પ્રભુ અનુગ્રહ કરે તેને જ મળે' આ વેદવાક્ય તથા 'लघुनि प्रमाणानां पक्षपातः' પ્રમાણોનો પક્ષપાત લાઘવમાં હોય છે આ ન્યાય પણ લાગે છે; ન માનવામાં ઉભયનો વિરોધ આવે છે.

**કૃષ્ણદાસ**–જેમ દણ્ડ, ચાકડો, દોરી વગેરે સાથે મળીને ઘટરૂપ કાર્ય બનાવતાં હોવાથી પ્રત્યેકમાં કારણતા છે, તેમ અનુગ્રહની સાથે ધર્માદિની સહકારણતા સ્વીકારી ધર્મમાં પણ કારણતા સ્વીકારો.

**વલ્લભદાસ**–ઘટરૂપ કાર્ય તો દણ્ડ ચાકડો વગેરે વસ્તુઓ સાથે મળવાથી જ ઉત્પન્ન થતું જોવામાં આવે છે, તેથી ત્યાં તો દણ્ડઆદિ પ્રત્યેકમાં કારણતા ભલે સંભવે, પણ ભક્તિરૂપ કાર્યમાં તેવું નથી; બલ્કે ધર્મરહિતને પણ ભક્તિ ઉત્પન્ન થતી દષ્ટિગોચર થાય છે.

**કૃષ્ણદાસ**–જેમ સમાધિરૂપ કાર્યના દર્શનથી જન્માન્તરીય મંગલનું સાધન તરીકે અનુમાન કરવામાં આવે છે, તેમ ત્યાં પણ

ભક્તિરૂપ કાર્યના દર્શનથી તેના કારણભૂત પૂર્વ જન્મના ધર્મનું અનુમાન થઈ શકશે.

**વલ્લભદાસ**—જુઓ, અનુગ્રહથી બીજા સાધનોનો શાસ્ત્રમાં નિષેધ છે [1]"હે ઉદ્ધવ! જેવી રીતે સર્વના સંગથી છોડાવનારો ભગવદીયોનો સંગ મને વશ કરે છે તેવી રીતે યોગ, તત્ત્વવિચાર, ધર્મ, વેદાધ્યયન, તપ, ત્યાગ, ઇષ્ટાપૂર્ત, વ્રત, રહસ્યમંત્ર, દાન, તીર્થ શૌચાદિનિયમ, અહિંસાદિયમ વગેરે ધર્મો વશ કરી શકતા નથી;" [2]"સત્સંગથી જ દૈત્યો, રાક્ષસો, પક્ષીઓ, હરિણો" અને [3]"બીજાં પણ મૂઢ બુદ્ધિવાળાં વૃક્ષો વગેરે સિદ્ધ થઈ મને સહજમાં પ્રાપ્ત, થયાં છે" ઇત્યાદિ વાક્યોથી યોગાદિ ધર્માચરણથી પોતાની પ્રાપ્તિનો નિષેધ કરી કેવળ અનુગ્રહાત્મક ભગવદીયોના સંગથી જ સ્વપ્રાપ્તિ ઉપદેશે છે. તેથી ધર્માદિ સાધન કલ્પવાની કશી જરૂર નથી.

વળી પણ આગળ તેઓના ઉપર પ્રભુના અનુગ્રહ સિવાય તેઓ પાસે કોઈ પણ પ્રકારનો ધર્મ ન જ હતો તેવું સ્પષ્ટ ઉપદેશે છે:—તે નાधीतश्रुतिगणा नोपासितमहत्तमाः । अव्रतास्तप्ततपसः सत्सङ्गान्मामुपागताः । ૧૧–૧૨–૭. "તે ભક્તોએ વેદાધ્યયન કર્યું ન હતું તેમ જ ગુરુની સેવા પણ કરી નહોતી, વ્રત તથા તપ કર્યાં નહોતાં, સત્સંગથી મને પ્રાપ્ત થયાં છે" તેથી જન્માન્તરીય ધર્મ–કલ્પના બિલકુલ અસ્થાને જ કહેવાય.

**કૃષ્ણદાસ**–ઉપરનાં પ્રમાણોથી બતાવેલ કેવળ પ્રભુના અનુગ્રહથી જ

---

१ न रोधयति मां योगो न सांख्यं धर्म उद्धव ।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणाः ॥
व्रतानि यज्ञाश्छन्दांसि तीर्थानि नियमा यमाः ।
यथावरुन्धे सत्संगः सर्वसङ्गापहो हि माम् । भा. ११-११-१-२.

२ सत्सङ्गेन हि दैतेया यातुधानाः खगा मृगाः । भा. ११-१२-३.

३ येऽन्ये मूढधियो नागाः सिद्धामा मीयुरञ्जसा । भा. ११-१२-८.

ઉદ્ધાર પામેલા વ્રજભક્તોનો પણ અત્યન્ત સૂક્ષ્મ–બીજા કોઈથી પણ ન જાણી શકાય તેવો ધર્મ હશે તો શી ખબર ?

**વલ્લભદાસ**–પ્રભુથી પણ અજાણી વસ્તુની સત્તા હોઈ શકે ખરી ? તેમ કહેવામાં તો પ્રભુની સર્વજ્ઞતા નષ્ટ થઈ જાય છે, અને ' ते नाधीत-श्रुतिगणाः ' આ સર્વજ્ઞ પ્રભુનું વાક્ય પણ વિરુદ્ધ થાય છે. તેથી કેવલ અનુગ્રહથી ઉદ્ધાર પામેલા વ્રજભક્તોના સુસૂક્ષ્મ ધર્મની કલ્પના કરવી અયુક્ત જ છે અને શ્રીગોકુલપ્રાણનાથ શ્રીપ્રભુએ પોતાના સ્વરૂપને ' યોગ સાંખ્ય, દાન, વ્રત, તપ, યજ્ઞ, વ્યાખ્યાન, વેદાધ્યયન, સંયમ વગેરે સાધનો દ્વારા પ્રયત્ન કરનારને પ્રાપ્ત થતું નથી ' તેવું બતાવી સાધન-રહિતને જ પ્રાપ્ત થાય છે–અનુગ્રથી જ પ્રાપ્ત થાય છે–તેવું ઉપદેશ્યું પણ છે. આ પ્રમાણે અન્વયવ્યતિરેકવ્યભિચારોક્તિથી ધર્મમાં કારણત્વનો ગંધ સંભવતો નથી. વળી ' केवलेन हि भावेन – કેવળ ભક્તિથી જ ' આ વાક્ય પણ નિઃસાધન જીવોની પ્રભુપ્રાપ્તિ સૂચવે છે, તેથી ધર્મથી ભક્તિ સિદ્ધ થતી નથી, કિન્તુ **કેવળ અનુગ્રહથી જ ભક્તિ પ્રાપ્ત થાય છે.**

**કૃષ્ણદાસ**–હું આપને " जन्मान्तरसहस्रेषु " વગેરે અનેક પ્રમાણ આપી ગયો છું. તે પ્રમાણોથી સિદ્ધ થાય છે કે યાગદાનાદિકથી ભક્તિ સિદ્ધ થાય છે, પાપાભાવ પણ ભક્તિનું કારણ છે. જો ' અનુગ્રહથી ભક્તિ થાય છે ' એવું કહેશો તો આ પ્રમાણની શી ગતિ કરવી ?

## સાધનની અપેક્ષા પુષ્ટિમાર્ગમાં નથી.

**વલ્લભદાસ**–સાંભળો; પ્રમાણ વ્યર્થ થતાં નથી, કારણ કે ભગવાને મર્યાદામાર્ગ અને પુષ્ટિમાર્ગ એમ બે માર્ગ પ્રકટ કર્યા છે. તેથી જે જીવોનો મર્યાદામાર્ગમાં અંગીકાર કરવાની ઇચ્છા છે તે જીવોનો મર્યાદામાં અંગીકાર કરી સાધનક્રમથી એટલે સાધનો કરાવીને સ્વપ્રાપ્તિ કરાવે છે; જેમનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરવાની ઇચ્છા છે તે જીવોને કેવલ અનુગ્રહથી જ ભગવત્પ્રાપ્તિ થાય છે, તેમાં ભગવાન સાધનની અપેક્ષા રાખતા નથી.

**બન્ને માર્ગમાં અંગીકાર કરવામાં ભગવદિચ્છા જ નિયામક છે.**

**કૃષ્ણદાસ**–દૃષ્ટાંત આપી સમજાવશો ?

**વલ્લભદાસ**–હા, સાંભળો. મુચુકુન્દ રાજાને ભગવાનનાં સાક્ષાત્ દર્શન થયાં હતાં. ભગવાનનાં દર્શનથી આસુરાવેશવાળા શિશુપાલ વગેરેને પણ મુક્તિ મળી, તો આ મુચુકુન્દને પણ દર્શનમાત્રથી મુક્તિ મળવી જોઈએ, પરંતુ ભગવાનની ઇચ્છા મુચુકુન્દ પાસે સાધન કરાવી ફલ આપવાની હતી તેથી ભગવાને કહ્યું કે "[1]બીજા જન્મમાં તું બ્રાહ્મણ જન્મીશ, બ્રાહ્મણાવતારમાં મને મળીશ. તેં ક્ષાત્રધર્મમાં રહી મૃગયામાં અનેક જંતુનો વધ કર્યો છે તે તું તપથી દૂર કર." આ પ્રમાણે અસુરને પણ મુક્તિ આપનાર પરમાત્માએ તેના દોષનું વર્ણન કરી બીજા જન્મમાં પોતાની પ્રાપ્તિ થવાનું કહ્યું. આ શું સૂચવે છે ? મર્યાદામાર્ગમાં અંગીકાર કરી સાધનક્રમથી મુક્તિદાન કરવાની ભગવાનની ઇચ્છા મુચુકુન્દ પ્રત્યે છે. હવે હું પુષ્ટિમાર્ગમાં જેમનો અંગીકાર છે તેનું દૃષ્ટાન્ત આપું છું–જેમ કે વ્રજભક્તો. આ વ્રજભક્તોનો અંગીકાર સાધન વગર ભગવદનુગ્રહ માત્રથી જ થયો હતો. વ્રજભક્તોમાં ગુરુના મહદનુગ્રહની જરૂર પણ નથી, તેમણે તો "[2]નહોતા વેદ ભણ્યા કે નથી સેવ્યા મહાપુરુષો," તોપણ અનુગ્રહથી તેમનો ઉદ્ધાર છે. શ્રીરઘુનાથચરણ આજ્ઞા કરે છે કે ગુરુના અનુગ્રહની જરૂર વ્રજથી[3] અતિરિક્ત–

(૧) क्षात्रधर्मस्थितो जन्तून्न्यवधीर्मृगयादिभिः ।
समाहितस्तत्तपसा जह्यघं मदुपाश्रितः ॥ भा. १०-५०-६३.
जन्मन्यनन्तरे राजन् सर्वभूतसुहृत्तमः ।
भूत्वा द्विजवरस्त्वं वै मामुपैष्यसि केवलम् ॥ भा. १०-५१-६४.

( २ ) ते नाधीतश्रुतिगणा नोपासितमहत्तमाः ॥ भा. ११-१२-७.

( ३ ) 'व्रजादिस्थिताः' આવો જે દૃષ્ટાંત તરીકે મૂલગ્રન્થ લખ્યો છે ત્યાં વ્રજાદિ શબ્દથી ગોપીજનો અર્થ ન કરતાં व्रज आदिर्येषां આવી રીતે જહત્સ્વાર્થ લક્ષણ બહુવ્રીહિસાસ કરી વ્રજ આ ઉપલક્ષણ સમજવાનું છે; એટલે કે આખા વાક્યનો વ્રજાતિરિક્ત સ્થલે ગુરુના અનુગ્રહની અપેક્ષા છે, વ્રજમાં નહિ. એવો અર્થ થશે.

અન્ય સ્થલોમાં છે, નહિ તો 'नोपासितमहत्तमाः' આ વચન વિરુદ્ધ પડે છે. પુષ્ટિમાં અંગીકાર કરવામાં કે મર્યાદામાં અંગીકાર કરવામાં ભગવાનની ઇચ્છા જ કારણભૂત છે. ભગવાન સ્વતંત્રેચ્છાવાળા છે, તેથી અન્યની–બીજા કોઈની–પણ નિયમ્યતા હુકમદારી–ચાલતી નથી. હવે તમારી શંકાનો ઉત્તર આવી ગયો. જે સાધન દર્શાવનારાં વાક્યો છે તે મર્યાદામાર્ગ સંબંધી જાણવાં. જેમનો મર્યાદામાર્ગમાં અંગીકાર હોય તેમને તે પ્રમાણે પ્રવૃત્તિ કરાવી ભગવાન ફલ આપે છે. આ અધિકારીના બે ભાગ પાડ્યા, તેથી સાધન દર્શાવનારાં વાક્યોનો વિરોધ તે તે અધિકારી પરત્વે ઘટાવવાથી મટી ગયો.

**કૃષ્ણદાસ**–વાહ, આ બે અધિકારિભેદથી સર્વ પ્રમાણની સુંદર વ્યવસ્થા થઈ ગઈ. અને મારી બીજી ભીતિ પણ દૂર થઈ ગઈ.

**વલ્લભદાસ**–શી ભીતિ હતી?

**કૃષ્ણદાસ**–"જો માણસ એમ ધારે કે મારા ઉપર ભગવાનનો અનુગ્રહ થઈ ગયો છે, હવે મારે શ્રવણ કીર્તન કરવાની શી જરૂર છે? આમ થતાં શ્રૌત સ્માર્તાદિ સર્વ સદાચાર ઉચ્છિન્ન થઈ જાય." એવી મને ભીતિ હતી, પરંતુ આપે કહ્યું કે "જે જીવોને જે પ્રમાણે જે માર્ગમાં અંગીકાર કરવાની ઇચ્છા તે જીવોની તે માર્ગમાં તેવી જ પ્રવૃત્તિ ભગવાન કરાવે છે. અને જીવ પણ ફરી ફરી તે તે સાધન–ફલ માટે યત્ન કરે છે, અને તેમાં જ તેની શ્રદ્ધા સજ્જડ થાય છે. અર્થાત્ ભગવાનના અનુગ્રહથી પ્રાપ્ત થયેલા વિશ્વાસથી જીવ સાધન અને સદાચારમાં સારી રીતે પ્રવૃત્ત થશે.

બીજી ભીતિ એ હતી કે–"ભગવાનનો અનુગ્રહ મારા ઉપર છે કે નહિ આવા શંકાશીલ મનુષ્યની ભક્તિમાં નિઃશંક પ્રવૃત્તિ નહિ થાય," પરંતુ ભગવાન સ્વતન્ત્રેચ્છ હોવાથી જીવને ઇચ્છાધીન રહેવું પડે છે, તેથી જે માર્ગમાં અંગીકાર તે માર્ગ પ્રમાણે તેની યથાર્થ પ્રવૃત્તિ ભગવાન જ કરાવે, એટલે જીવની નિઃશંક પ્રવૃત્તિ ભક્તિમાં થશે જ.

**વલ્લભદાસ**–આ તો મર્યાદામાર્ગમાં જીવની પ્રવૃત્તિ કહી, હવે હું પુષ્ટિમાર્ગીય વ્યવસ્થા કહું છું.

**ભક્તિ કલ્પતરુ જેવી છે; ભક્તિમાં ઇતર સાધનની અપેક્ષા નથી.**

तस्मान्मद्भक्तियुक्तस्य योगिनो वै मदात्मनः ।
न ज्ञानं न च वैराग्यं प्रायः श्रेयो भवेदिह ॥
यत्कर्मभिर्यत्तपसा ज्ञानवैराग्यतश्च यत् ।
योगेन दानधर्मेण श्रेयोभिरितरैरपि ॥
सर्वं मद्भक्तियोगेन मद्भक्तो लभतेऽञ्जसा ।
स्वर्गापवर्गं मद्धाम कथञ्चिद्यदि वाञ्छति ।
न किञ्चित्साधवो धीरा भक्ता ह्येकान्तिनो मम ।
वाञ्छन्त्यपि मया दत्तं कैवल्यमपुनर्भवम् ॥

**ભાવાર્થ**–ભગવાન કહે છે કે "મારામાં જેનું મન છે એવા મારી ભક્તિવાળા ભક્તિયોગીને જ્ઞાન વૈરાગ્ય કોઈ કલ્યાણકારણ નથી. જે કર્મથી, જે તપથી, જે જ્ઞાન અને વૈરાગ્યથી, જે યોગથી, જે દાનધર્મથી, અને બીજાં અનેક શ્રેયોથી પણ પ્રાપ્ત થાય છે તે સર્વ મારો ભક્ત સહજમાં ભક્તિયોગથી પ્રાપ્ત કરે છે. મારા એકાન્ત–ભક્તો સ્વર્ગ મોક્ષ અક્ષરબ્રહ્મની પણ આકાંક્ષા નથી રાખતા. મારા ધીર–ગંભીર–ભક્તો મારા આપેલા અપુનરાવૃત્તિ મોક્ષને પણ નથી ઇચ્છતા."

આ સર્વ પ્રમાણોથી સિદ્ધ થાય છે કે જ્ઞાન વૈરાગ્ય રહિતને પણ[1] ભક્તિ પ્રાપ્ત થાય છે; માટે જ ભક્તિ કલ્પતરુ જેવી છે. કલ્પતરુ જેવી ભક્તિને ઇતર સાધનોની અપેક્ષા નથી જ.

**મુક્તિસાધનપૂર્ણને પણ ભગવાન ભક્તિનું દાન કરે તો તેને ભક્તિ મળે.**

**"भगवान् भजतां मुकुन्दो मुक्तिं ददाति कर्हिचित्स्म न भक्तियोगम्—**

૧ શ્રીરઘુનાથપ્રભુ एवની જગ્યાએ अपि મૂકવા આજ્ઞા કરે છે. જો જ્ઞાન-વૈરાગ્યરહિતને જ ભક્તિ થાય છે એવું કહેવામાં આવે તો જ્ઞાનવૈરાગ્યરહિત જ ભક્તિના અધિકારી ગણાય, અને अपि–પણ મૂકવાથી જ્ઞાનવૈરાગ્યરહિત અને જ્ઞાનવૈરાગ્યવાન ઉભયની ગણના થાય છે.

ભગવાન ભજન કરનારને મુક્તિ આપે છે, પણ ભકિત નથી આપતા." આ શુકદેવજીનાં વચનો સ્પષ્ટ દર્શાવે છે કે મુકિતનાં સાધનોથી પૂર્ણ એવા માણસને પણ ભગવાન ભકિતનું દાન કરે તો જ મળે, ના આપે ના મળે. આ ઉપરથી નિર્ણય થયો કે **ભકિત પ્રાપ્ત થવામાં અનુગ્રહ વિના ઇતર કોઈ સાધનની અપેક્ષા નથી.**

અનુગ્રહ સિવાય ઇતર સાધનથી પણ જો ભકિત પ્રાપ્ત થતી હોય તો સર્વદુર્લભ એવા મોક્ષપર્યન્ત પહોંચેલાઓને તે પ્રાપ્ત થવી જોઈએ, પરંતુ મોક્ષાધિકારીઓને પણ ભકિત કેવળ પ્રભુના અનુગ્રહથી જ પ્રાપ્ય છે.

### મર્યાદામાર્ગમાં પણ અનુગ્રહથી જ અંગીકાર છે.

ભાઈ કૃષ્ણદાસ ! હું તમને ઉપર કહી ગયો કે પુષ્ટિ અને મર્યાદા બન્ને માર્ગમાં ભગવત્કૃપાથી જ અંગીકાર છે; તે વાત યાદ છે ?

**કૃષ્ણદાસ**–હા, હું સમજ્યો કે બન્ને માર્ગમાં અંગીકાર ભગવાનના અનુહગ્રહથી જ છે.

**વલ્લભદાસ**–મર્યાદામાર્ગમાં પણ ભગવદનુગ્રહથી જ અંગીકાર હોવાથી મર્યાદામાં પણ ભક્તિને સાધનબલસાધ્યત્વ નથી, અર્થાત્ સાધનોના જોરથી ભક્તિ સિદ્ધ થતી નથી.

**કૃષ્ણદાસ**–ત્યારે સાધનો શા માટે કહ્યાં છે?

**વલ્લભદાસ**–સાધનો તો અનુગ્રહરૂપી કલ્પવૃક્ષની શાખાઓનો વિસ્તાર આટલો છે એવું માહાત્મ્ય દર્શાવનારાં છે, સાધનોથી સ્વતંત્ર રીતે ભક્તિ પ્રાપ્ત થાય એવું દર્શાવવા માટે નહિ,–આ તો ભકિતમાર્ગીય એવા તમારે પણ અવશ્ય સ્વીકારવું જોઈશે.

જો ભગવદનુગ્રહ વિના સાધનોથી જ ભકિત પ્રાપ્ત થતી હોય તો "પોતાના કર્મથી પીડાતા મનુષ્યો મરીને પુનઃ મૃત્યુને પ્રાપ્ત કરે છે" આવા પ્રવાહ નામક પુષ્ટિ અને મર્યાદાથી જુદા માર્ગમાં તેનો અંગીકાર કેમ ન કરત ? શું સમજ્યા વારુ ?

**કૃષ્ણદાસ**–તમારું વક્તવ્ય હું સમજી ગયો કે પ્રવાહમાર્ગમાં સાધનથી ફલ અને મર્યાદામાર્ગમાં પણ સાધનોથી ફલ મળે એવું જો થઈ જાય તો પ્રવાહમાર્ગમાં ને મર્યાદામાર્ગમાં ભેદ શો રહ્યો? જેમાં અંગીકાર કરે તે સરખું જ થયું. માટે મર્યાદામાં પણ અનુગ્રહથી જ ભક્તિ મળે, સાધનો પણ પ્રભુ કરાવે તો જ થાય.

આવી રીતે મર્યાદામાં અને પુષ્ટિમાં બન્નેમાં અનુગ્રહની અપેક્ષા છે એ વાત હું સારી રીતે સમજ્યો.

**વલ્લભદાસ**–ભાઈ કૃષ્ણદાસ! પુષ્ટિભક્તિ અને મર્યાદાભક્તિ બન્નેમાં પ્રભુના અનુગ્રહની અપેક્ષા છે, પરન્તુ મર્યાદામાં સાધન કરાવી ભક્તિદાન, જ્યારે પુષ્ટિમાં સાધનો વિના જ અનુગ્રહથી ભક્તિદાન કરે છે. આ તારતમ્ય ભુલાવું ન જોઈએ.

**કૃષ્ણદાસ**–અનુગ્રહ તો પુષ્ટિ તથા મર્યાદામાં ફલસમર્પક–ફલ આપનારો–હોવાથી આવશ્યક છે, તો પછી મર્યાદામાર્ગમાં સાધનોપદેશ કેમ અને પુષ્ટિમાં કેમ નહિ?

**વલ્લભદાસ**–'न रोधयति मां योगः મને યોગ વશ કરી શકતો નથી' વગેરે વચનોથી અન્વય[1] વ્યતિરેક[2] તપાસતાં પુષ્ટિમાર્ગમાં અનુગ્રહેતર–અનુગ્રહ સિવાયનાં સાધનોનું કારણત્વ બેઉ રીતે વ્યભિચારી ઠરે છે, એટલે કે સાધનો પ્રભુપ્રાપ્તિ કરાવી શકતાં નથી. તેથી પુષ્ટિમાં સાધનોને કારણ તરીકે સ્વીકારવાં પણ અસંભવિત છે. અનુગ્રહથી જ મર્યાદામાં પણ ભક્તિ પ્રાપ્ત થાય છે છતાં સાધનો કરવાની જરૂર છે તે વિશે વધારે સ્ફોટ વખત આવ્યે કરીશ.

## વલ્લભદાસ પોતાના એકદેશીના મતનું ખંડન કરે છે.

ભાઈ દામોદરદાસ! તમે અનુગ્રહને સમજો છો?

**દામોદરદાસ**–ના, સમજાવો.

---

૧ કારણ છતાં કાર્ય ન થાય તે **અન્વયવ્યભિચાર.**

૨ કારણ ન રહેતાં છતાં કાર્ય થઈ જાય તે **વ્યતિરેકવ્યભિચાર.**

**વલ્લભદાસ**–અનુગ્રહ એટલે પોષણ–પુષ્ટિ. 'पोषणं तदनुग्रहः' એવું વાક્ય છે. તેથી જેમ સર્ગલીલા વિસર્ગલીલા તેવી પોષણલીલા પણ ભગવાનની જુદી લીલા જ છે અને તે અનુગ્રહલીલા ઈચ્છા કરતાં સ્વતંત્ર જ છે. "यस्यानुग्रहमिच्छामि–જેના ઉપર અનુગ્રહ કરવાની ઈચ્છા રાખું છું તેનું ધીમે ધીમે સાધન–ધન હરું છું." આ શ્લોકમાં અનુગ્રહ અને ઇચ્છા બન્ને જુદાં જ દર્શાવેલાં છે, તેથી અનુગ્રહ એ જુદો જ ધર્મ છે એ વાત નિશ્ચિત થઈ. હવે હું ઇચ્છાનું સ્વરૂપ દર્શાવું છું. અનુગ્રહપૂર્વક સર્વત્ર તે તે માર્ગના ભક્તનાં કાર્ય કરવામાં સહકારી કારણ–તે તે કાર્યના મુખ્ય કારણની સાથે મળીને કરનારું જે કારણ–તે ઈચ્છા.

**દામોદરદાસ**–વાહ, આપ તો બહુ જ ઊંડા ઊતર્યા. ભક્તિ પ્રાપ્ત થવામાં અનુગ્રહ એ નાનું કારણ છે, મુખ્ય કારણ ભગવદિચ્છા જ થઈ; કેમ વારુ ?

**વલ્લભદાસ**–હા, ખરી રીતે જોતાં તો કાર્યમાત્ર ભગવદિચ્છાધીન જ છે આવું તમારે પણ માનવું જોઈએ. માટે ભક્તિ ઉત્પન્ન થવામાં અનુગ્રહ તો અવાન્તર[1] વ્યાપાર છે, કારણ તો ઈચ્છા જ છે. આ ઉપરથી "કોઈ પણ સહકારીની–મદદગારની–અપેક્ષા રાખ્યા વિના અનુગ્રહથી જ ભક્તિ થઈ જાય" એવું કહેવું તો રોચનાર્થ જ છે, કારણ કે અનુગ્રહ પણ કાર્યરૂપ છે, અને કાર્યમાત્રનું કારણ ઈચ્છા છે, માટે જ્યારે જ્યારે જે જે કાર્ય થાય છે, થશે, અથવા થયું, તે તે સમયે તે તે ક્રમપ્રાપ્ત હેતુથો તે તે કાર્ય કરીશ, આવા પ્રકારની ભગદિચ્છા દરેક કાર્ય પહેલાં છે, અથવા હતી, એવું માનવું જોઈએ, કારણ કે ભગવાન સત્યસંકલ્પ છે. સત્યસંકલ્પ ભગવાન ધારે તે કરવા સમર્થ છે. જો કાલોપાધિના ક્રમથી ભગવદિચ્છા કાર્ય કરે છે એવું ન સ્વીકારવામાં આવે તો સર્વ કાર્યની કારણભૂત ઇચ્છા નિત્ય હોવાથી એકી વખતે દરેક કાર્ય ઉત્પન્ન થવાનો પ્રસંગ આવે. માટે

1 કારણ અને કાર્ય વચ્ચે થતી ક્રિયા.

તે તે કાલમાં તે તે કાર્ય કરવાની ભગવદિચ્છા કારણ છે, એમ કાલોપાધિ સ્વીકારવો.

**દામોદરદાસ**–ભગવદિચ્છા નિત્ય છે, અનિત્ય નથી, એ વાત મારે કબૂલ છે. પરંતુ જેમ ઘડો બનાવવામાં ચાકડો હોય અને દણ્ડ ન હોય, દણ્ડ હોય ચાકડો, હોય અને કુંભાર ન હોય, અર્થાત્ એકાદ સાધન ઓછું હોય તો જેમ ઘટ કાર્ય નથી થતું, તેમ ભગવદિચ્છા નિત્ય છતાં બીજાં સાધન હાજર ન હોવાથી એકી વખતે સર્વ કાર્ય થઈ જવાનો પ્રસંગ નહિ આવે.

**વલ્લભદાસ**–ચિકીર્ષા–કાર્યકરણેચ્છા–વિનાનાં બીજાં સાધનો પણ ભગવદિચ્છાનાં કાર્યરૂપ છે. સાધન હાજર હોવાં યા ન હોવાં એમાં પણ ભગવદિચ્છા જ કારણ છે. તેથી જ્યાં ભગવાનને કાર્ય કરવાની ઇચ્છા હોય છે ત્યાં કારણ (સમવધાન) હાજર થાય છે. જે કાર્ય કરવાની ઇચ્છા ન હોય ત્યાં કારણ (અસમવધાન) હાજર નથી થતાં. એટલે હવે સમજ્યા કે ભગવદિચ્છા જ કારણ થઈ?

**દામોદરદાસ**–હા, એ વાત સમજ્યો. પણ બીજાં સાધન–કારણ– હાજર થાય તેની પૂર્વક્ષણને પ્રતિબન્ધક માનીએ, અર્થાત બીજા કારણ- સમવધાનની વ્યવધાનરહિત પૂર્વક્ષણ જ તે કાર્યમાં પ્રતિબન્ધક માનો એટલે કાર્ય નિત્ય ઉત્પન્ન નહિ થાય.

**વલ્લભદાસ**–સામગ્રી બધી તૈયાર હોય તેની પૂર્વક્ષણને પ્રતિબન્ધક માનવાનું કહો છો, પરંતુ તેવી પૂર્વક્ષણની પહેલાં પ્રતિબન્ધક વ્યવ- ધાનરહિત પૂર્વક્ષણ નહિ હોવાથી તે જ વખતે અગ્રિમ કાર્યની ઉત્પત્તિ થઈ જશે. અર્થાત્ એકના [1]પ્રાગભાવસમયમાં અન્ય કાર્ય થઈ [illegible] રીતિ નથી.

મારી બીજી યુક્તિ સાંભળો.

[1] પ્રાગભાવ.

જે જે ક્ષણે જે જે કાર્ય ઉત્પન્ન થાય છે તે તે કાર્ય [1]તત્તત્ક્ષણાધિકરણક થાય છે. તેથી તે તે કાર્ય પ્રત્યે તે તે કાર્યનો [2]પ્રાગભાવાવચ્છિન્ન [3]મહાન કાલ ઉપાધિરૂપ–પ્રતિબન્ધક–સતતકાર્ય થવામાં અડચણભૂત માનો.

**વલ્લભદાસ**–તમારું કહેવું દૃષ્ટાન્ત આપી સમજાવશો ?

**દામોદરદાસ**–હા, જુઓ. પ્રલયકાલે સિસૃક્ષા–ભગવાનની સૃષ્ટિ રચવાની ઇચ્છા–હાજર છતાં સૃષ્ટિપ્રાગભાવાવચ્છિન્ન–સૃષ્ટિના પ્રાગભાવથી યુક્ત–અનેક મન્વન્તરથી મપાયેલો મહાન કાલ જેમ સૃષ્ટિ પ્રતિબન્ધક છે તેથી સૃષ્ટિ ન થતાં પ્રલય જ થાય છે, તેવી રીતે પ્રભુઇચ્છા નિત્ય છતાં તે તે કાર્યના પ્રાગભાવકાલને પ્રતિબન્ધક માનો.

જુઓ; બીજું દૃષ્ટાંત આપું છું.

જેવી રીતે ભગવાનની સંહાર કરવાની ઇચ્છા નિત્ય છતાં સૃષ્ટિ-સમયે પ્રલયપ્રાગભાવાવછિન્ન–પ્રલયપ્રાગભાવ અવસ્થાનો સ્થૂલ કાલ–પ્રતિબન્ધક છે, જો પ્રતિબન્ધક ન હોય તો તે જ વખતે પ્રલય થઈ જાય; માટે સંહાર કરવાની ઇચ્છા નિત્ય છતાં પ્રલયપ્રાગભાવ અવસ્થાનો સ્થૂલ કાલ જેમ સૃષ્ટિસમયે સંહારનો પ્રતિબન્ધ કરે છે તેમ અહીં પણ કાર્યની સર્વ સામગ્રી તૈયાર હોય એવી ક્ષણનો પ્રાગભાવાવચ્છિન્ન સ્થૂલ કાલ પ્રતિબન્ધક થશે. એટલે ભગવદિચ્છા નિત્ય છતાં તે તે કાર્યને સ્થૂલ કાલ પ્રતિબન્ધક નીવડતાં નિત્યકાર્યોત્પત્તિરૂપ દોષ નહિ લાગે.

**વલ્લભદાસ**–( ઉત્તર ) ભાઈ ! તમે કહો છો કે "પ્રલય સમયે સૃષ્ટિ-ઇચ્છા નિત્ય છતાં સૃષ્ટિપ્રાગભાવ અવસ્થાને સ્થૂલ કાલ બાધક થયો

---

૧ તે તે ક્ષણમાં થનારું.

૨ જે કાલને બીજા કાલથી જુદો કરનારો પ્રાગભાવ હોય તે કાલ (ન્યાયની ભાષામાં) પ્રાગભાવાવચ્છિન્ન કહેવાય. ટૂંકમાં તે કાર્યના પ્રાગભાવનો સમય.

૩ પ્રાગભાવાવચ્છિન્ન કાલ સૂક્ષ્મ પણ સંભવે છે, તેથી મહાન એવું કાલનું વિશેષણ આપ્યું.

તેથી પ્રલય થયો નહિ," પરંતુ સૃષ્ટિ અને પ્રલય આ બન્નેનો પરસ્પર તેજ અને અંધકાર જેટલો વિરુદ્ધ સ્વભાવ છે, તેથી સૃષ્ટિ વખતે પ્રલય નહિ અને પ્રલય વખતે સૃષ્ટિ નહિ, એમ એકની હાજરીમાં બીજાની ગેરહાજરી માનવી જોઈ શે, અને તેથી સૃષ્ટિરૂપ કાર્યના પ્રતિપ્રલયાભાવની પ્રતિબન્ધકાભાવરૂપે કારણતા સ્વીકારવી જોઈએ, અને કારણતા સ્વીકારવાથી પોતાના કાર્યરૂપ સૃષ્ટિની પહેલાં તેની સત્તા પણ અવશ્ય હોવી જોઈએ, પરંતુ સૃષ્ટિનો કારણભૂત પ્રલયાભાવાધિકરણભૂત કાલ જ અપ્રસિદ્ધ છે, કારણ કે તે વખતે પ્રલય ન હોવાથી તે કાલનું સ્થાન પ્રલય હોઈ શકે નહિ, તેમ સૃષ્ટિ પણ હજી ઉત્પન્ન થવાની છે તેથી તે કાલનું અધિકરણ–સ્થાન–સૃષ્ટિ પણ થઈ શકતી નથી, આ પ્રમાણે બન્ને અનધિકરણ થવાથી કોઈ જુદો જ કાલ સિદ્ધ થવાનો પ્રસંગ આવશે. તે જુદો કાલ ચાલુ પ્રસંગમાં કંઈ પણ ઉપયોગી નથી, તેમ વ્યવહારમાં પણ તેવો કાલ જોવામાં નથી આવતો, માટે પ્રલયાભાવને પ્રતિબન્ધકાભાવરૂપે સૃષ્ટિરૂપ કાર્યના પ્રત્યે હેતુ કહેવો એ યોગ્ય જ નથી.

**દામોદરદાસ**–આવો કાલ ન જ હોય તેનું શું કારણ?

**વલ્લભદાસ**–સૃષ્ટિ તથા પ્રલયથી જુદો અને તે બન્ને જેનું અધિકરણ–સ્થાન–નથી એવા કાલનું સૃષ્ટિ કે પ્રલય પૈકી એક પણ સ્થાન નથી બનતું, અને સૃષ્ટિપ્રલયના વ્યવહારથી જુદો વ્યવહાર જોવામાં નથી આવતો, વળી તેવા કાલનું સાધક કાંઈ કાર્ય પણ ન હોવાથી કાલ તદ્દન અપ્રસિદ્ધ ઠરે છે.

**દામોદરદાસ**–આ તો જાણે મારા દૃષ્ટાન્તની વાત થઈ, પણ જે કાલોપાધિમાં કાર્ય થાય છે તે કાલોપાધિનો પ્રાગભાવ તે કાર્યમાં પ્રતિબન્ધક છે, એવું કહું તો તેનો શો ઉત્તર?

**વલ્લભદાસ**–કાર્યાધિકરણકાલોપાધિક પ્રાગભાવને એટલે કે જેની ઉત્તર ક્ષણમાં કાર્ય થનારું છે એવા પ્રાગભાવને જો પ્રતિયોગિપ્રતિ-

બન્ધક-કાર્ય અટકાવનારો–માનીએ તો કારણસામગ્રીને જ પોતાના કાર્ય પ્રત્યે પ્રતિબન્ધકત્વ આવે, તો પછી કંઈ કાર્ય જ ઉત્પન્ન ન થાય.

**દામોદરદાસ**–ઠીક, ત્યારે ભાવી કાર્યના અધિકરણવાળી ક્ષણ પણ કારણ હોવાથી તે ક્ષણના અભાવથી હાલનો કાર્યાભાવ માનો, કારણ કે ઉત્તર ક્ષણમાં બનાવવાના ઘટને હાલમાં નહિ કરવામાં ઉત્તર ક્ષણાભાવ તમારે હેતુ કહેવો જોઈએ.

**વલ્લભદાસ**–ઉત્તર ક્ષણમાં બનાવવાના ઘટને હાલમાં નહિ બનાવવામાં ઉત્તરક્ષણાભાવને હેતુ શા માટે માનીએ? ઈચ્છાભાવને જ હેતુ માનો.

**દામોદરદાસ**–હા, ઇચ્છાભાવ જ હેતુ છે, પણ "[1]सविशेषणे हि विधिनिषेधौ विशेषणमुपसंक्रामतो विशेष्ये बाधके सति" એ ન્યાયથી ક્ષણાભાવ જ હેતુ છે એમ નિશ્ચય થાય છે.

**વલ્લભદાસ**–નિશ્ચિત કરેલાં કારણોથી કાર્ય જરૂર થતું હોવાથી જે વસ્તુ મૂકવાથી કાર્ય થતું અટકી જાય તે વસ્તુ હાજર ન હોય તો, અર્થાત્ તે વસ્તુનો અભાવ હોય તો, કાર્ય થાય તેથી તે વસ્તુની તે કાર્યના પ્રતિ પ્રતિબન્ધકાભાવરૂપે કારણતા મનાય છે. દાખલા તરીકે અગ્નિથી દઝાય છે, પણ દાહશક્તિ બંધ કરે એવો મણિ ધરવામાં આવે તો અગ્નિ દાહક થતો નથી. મણિનો અભાવ હોય તો દઝાય, તેથી મણિનો અભાવ પણ અગ્નિદાહમાં કારણરૂપે સ્વીકારાય છે; પણ દણ્ડ, ચાકડો વગેરે કારણોથી ઘટકાર્ય થાય, તેના અભાવમાં ન થાય, તેમાં દાહપ્રતિબન્ધક મણિના જેવી પ્રતિબન્ધકાભાવરૂપે દણ્ડાદિમાં કારણતા ન સ્વીકારાય, પણ દણ્ડાદિરૂપે જ; તેમ પ્રકૃતમાં પણ ઉત્તર ક્ષણમાં કરવા ઇચ્છેલ ઘટના પ્રતિ ઉત્તરક્ષણ વિશિષ્ટ–ઉત્તરક્ષણ યુક્ત–ઈચ્છાનું કારણ હોવાથી પૂર્વક્ષણમાં–હમણાં જ કરવામાં–ઉત્તરક્ષણવિશિષ્ટ ઈચ્છારૂપ કારણના અભાવે ઘટરૂપ કાર્ય ન બને, તે યુક્ત જ છે.

---

૧ આનો અર્થ—વિશેષણ સહિત વિશેષ્યના વિધિનિષેધો જ્યારે વિશેષ્યનો બાધ થાય ત્યારે વિશેષણમાં આવે છે.

**દામોદરદાસ**–તે તે ક્ષણવિશિષ્ટ ઇચ્છાને કારણ માનવામાં તો 'सविशेषणे हि' આ ન્યાયથી ક્ષણનું જ કારણત્વ સિદ્ધ થાય છે, ઇચ્છાનું કારણત્વ ક્યાં રહ્યું? વળી ઇચ્છાને જ કારણ માનવું હોય તો પછી લાઘવથી કેવળ ઇચ્છાને જ માનો, તે તે ક્ષણવિશિષ્ટ આવું વિશેષણ આપી કારણતામાં ગૌરવ શા માટે કરો છો? જેમ ઘટ પ્રતિ દણ્ડની કારણતા દણ્ડરૂપે જ છે, કંઈ દઢદણ્ડરૂપે નથી તેમ, પરંતુ કાર્યોત્પત્તિ વખતે સહકારીકારણ ક્ષણને મળીને કાર્ય ઉત્પન્ન કરે છે, ઇચ્છા કેવળ નહિ.

**વલ્લભદાસ**–પ્રભુની ઇચ્છા કાર્ય કરવાની હોય છતાં તે કાર્ય-ક્ષણ ન રહે તેમાં કારણ શું?

**દામોદરદાસ**–તે કાર્યની સામગ્રી નથી તે જ.

**વલ્લભદાસ**–તે કાર્યસામગ્રી નથી તેનું કારણ શું?

આમ પ્રશ્નોત્તર થતાં તે તે સાધનપરમ્પરાનો અભાવ જ કારણ-પણે નિશ્ચિત કરવો પડશે, અને સાધનપરમ્પરા તે સાધ્યપરમ્પરામાં. આ પ્રમાણે જો પરમ્પરા ચાલી તો તે સાધનપરમ્પરાની અનવસ્થા થઈ જશે.

**દામોદરદાસ**–ભલે અનવસ્થા થઈ જાય; તેવી અનવસ્થા તો પ્રમાણ-સિદ્ધ કહેવાશે!

**વલ્લભદાસ**–'सोऽकामयत' 'તેણે ઇચ્છા કરીઃ बहु स्यां प्रजायेय – હું બહુ થાઉં' વગેરે વચનો ઇચ્છાને જ સર્વનું કારણ ઉપદેશે છે તેથી, તેમજ બીજી કોઈ ગતિ જ નથી તેથી, સર્વનું કારણ ઇચ્છા જ તમારે પણ માનવી જોઈએ. ઇચ્છાને કારણ ન માનવામાં કાર્ય અને તેના અભાવને આકસ્મિકત્વ–કારણ વિના અકસ્માત ઉત્પન્ન થવાનો–દોષ પ્રાપ્ત થાય છે; અને તેથી બાહ્યમત પ્રવેશ થઈ જશે; માટે સર્વનું કારણ ઇચ્છા જ છે.

**દામોદરદાસ**–ભાઈ! સરજવાની ઇચ્છા અને સંહારની ઇચ્છા આ બન્ને ઇચ્છાઓ ભગવાનની નિત્ય છે, તો પછી કારણરૂપ ઇચ્છાઓ

નિત્ય હોવાથી કાર્યરૂપ જ સૃષ્ટિ જ હમેશ વા એકી વખતે થઈ જાય, કે પ્રલય પણ એકી વખતે અથવા હમેશ રહે; આવું અયોગ્ય થઈ જશે !

**વલ્લભદાસ**–ભાઈ ! અત્ર આમ સમજવાની જરૂર છે કે 'એકી વખતે સર્વ થઈ જાય યા સર્વ નષ્ટ થઇ જાય" તે વિચારતાં પહેલાં સર્ગ અને પ્રલયનું કારણ વિચારવું જોઈએ. આ વિચાર પણ શ્રુતિની અંદર જે સૃષ્ટ્યાદિપ્રકાર કહ્યો છે તે જ પ્રકારે પરલોકવાદી પરમ આસ્તિકોએ વિચાર કરેલો છે તે પ્રમાણે વિચાર કરવો જોઈએ. જો શ્રુતિને આધારે વિચાર કરીએ તો જરૂર "**ઇચ્છા જ સર્વનું કારણ છે**" એવું સિદ્ધ થશે.

**वाजसनेयिशाखायां– "आत्मैवेदमग्र आसीत्पुरुषविधः सोऽनुवीक्ष्य नान्यदात्मनोऽपश्यत्" "स वै नैव रेमे, तस्मादेकाकी न रमते, स द्वितीयमैच्छत्, स हैतावानास" "यथा स्त्रीपुमांसौ सम्परिष्वक्तौ स इममेवात्मानं द्वेधापातयत्, ततः पतिश्च पत्नी चाभवताम् ।"**

**ભાવાર્થ**–"આ સઘળું પુરુષવિધ આત્મા જ શરૂમાં હતો, તેમણે વીક્ષણ કરતાં પોતાના આત્મા કરતાં બીજું કંઈ ન જોયું." "તેમણે રમણ ન કર્યું, કારણ કે તે એકાકી નથી રમતા, બીજાની ઇચ્છા કરી. તે આ જગદ્રૂપ થયા." "જેવી રીતે સ્ત્રીપુરુષ જોડાયેલ હોય તેવી રીતે ભગવાને પોતાના આત્માને બે પ્રકારે જુદો કર્યો: પોતે પતિ અને પત્નીરૂપ થયા."

ભાઈ દામોદરદાસ ! આ દ્વિતીય સૃષ્ટિમાં તો ઇચ્છાને જ હેતુરૂપ કહી છે, રમણેચ્છા તો તે સૃષ્ટિરૂપ ઇચ્છાની પ્રયોજક છે, તેથી પોતાની ક્રીડાર્થે જ જગદ્રચના છે તેવું સિદ્ધ થાય છે.

**દામોદરદાસ**–કેવી રીતે ?

**વલ્લભદાસ**–સાંભળો. "क्रीडाभाण्डं विश्वमिदं यस्य भूम्नः" "क्रीडार्थमात्मन इदं त्रिजगत्कृतं ते स्वाम्यन्तु तत्र कुधियोऽपर ईश कुर्युः"

"આ સર્વ જગત ભૂમા ભગવાનનું ક્રીડાસ્થાન છે" "લીલા માટે જ આ ત્રણે જગત ભગવાને રચ્યું છે, તેમાં કુબુદ્ધિજન મારું છે એવું સ્વામિત્વ માને છે." આ પ્રમાણે પોતાની ક્રીડાર્થે જ આ જગતની રચના પ્રભુએ કરી છે એ વાત સિદ્ધ થઈ.

જગતના કારણભુત ઇચ્છાના નિયમન વિના જગતની વિચિત્રતા થાય નહિ, અને જગતની વિચિત્રતા વિના લીલા પણ ન જ થાય, આ હેતુથી જગતની વિચિત્રતાપૂર્વક ક્રીડા કરવાને કાલનો વિભાગ કરીને તે તે કાલમાં તે તે લીલાને કરે છે, કરશે, કરી. કાલના વિભાગથી ઇચ્છાનું નિયમન કર્યું, અને તે તે કાલથી કરેલું ઇચ્છાનું નિયમન લોકમાં સમજાવવા માટે સૂર્યાદિકની ગતિ બનાવી કે જેથી આધુનિક આપણા જેવાને વર્તમાનાદિ કાલની પ્રતીતિ થાય છે.

આ પ્રમાણે ઉપરનાં વાક્યોમાં સૂચવેલા ઇચ્છાના કારણપણાની ઉપપત્તિ બીજી રીતે થઇ શકતી નથી તેથી નિશ્ચિત થાય છે કે વર્તમાનાદિ ત્રણે કાલમાં થનારાં કાર્યોનું કારણ તો ઇચ્છા જ છે, પરન્તુ વૈચિત્ર્ય વગર રમણ સંભવે નહિ તેથી તે ઇચ્છાને પ્રભુએ જ વર્તમાનાદિ કાલથી નિયમિત કરી, તેથી આ વાત સિદ્ધ થાય છે કે જે કાલમાં, જે પ્રકારે, જે સાધનથી, જે અધિકરણમાં જે કાર્ય થાય છે, નાશ પામે છે, યા નથી થતું, તે કાલમાં, તે પ્રકારે, તે સાધનથી તે અધિકરણમાં તે કાર્ય થાઓ, નાશ પામો, ન થાઓ, આવા પ્રકારનો નિયમ પ્રભુએ સૃષ્ટિની પહેલાં જ કર્યો છે, તેથી એક કાલમાં સર્વનો નાશ અથવા ઉત્પત્તિ થવી જોઈએ, આ દોષ નિવૃત્ત થઇ જાય છે. ભાઈ ! આ જ હેતુથી આપણા સર્વનું કર્તૃત્વ પણ ઈશ્વરને જ અધીન હોય છે એવું શ્રુતિ કહે છે :

**'एष उ एव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषति ।'**

'જેનો

સારાં કર્મ સંપાદન કરવાનું

જે સામર્થ્ય છે તે પણ ભગવાનને જ આભારી છે. માટે જ સર્વકર્તૃત્વ પ્રભુનું છે એવું શ્રુતિ કહે છે. શ્રીવ્યાસજીએ પણ 'परात्तु तच्छ्रुते( २-३-४१ ) કર્તૃત્વ બ્રહ્મનું જ છે, એવું સિદ્ધ કર્યું છે. ભગવાનના સંબંધથી જ જીવમાં કર્તૃત્વ છે, સર્વકર્તા સર્વભોક્તા સર્વનિયંતા પ્રભુ જ છે. આ જ વિષય "વિદ્વન્મંડન"માં વિસ્તૃત રીતિથી વર્ણવ્યો છે.

**કૃષ્ણદાસ**–ભાઈ! હું પ્રથમ કહેતો હતો કે "ઈશ્વરપ્રેરિત કર્મોને સાધન માનવામાં કંઈ બાધ નથી," એવું આપ કહેતા હો એમ લાગે છે.

## ભગવાન સાધનોથી મળતા નથી.

**વલ્લભદાસ**–ના, ભાઈ, કોઈ પણ સાધનોથી ભગવાન પ્રાપ્ય નથી એમ શ્રુતિ સાધનોનો સર્વથા નિષેધ જ કરે છે:

**"नायमात्मा प्रवचनेन लभ्यः न मेधया न बहुना श्रुतेन"**

**"આ પરમાત્મા બહુ પ્રવચનથી કે મેધાથી કે બહુ શ્રવણથી પ્રાપ્ત થતા નથી."** આ પ્રમાણે સર્વ સાધનોનો નિષેધ કરી "यमेवैष वृणुते तेन लभ्यः" "**ભગવાન તો અનુગ્રહથી જ મળે છે**" એમ સિદ્ધ કર્યું.

## ભકતો કાલાધીન નથી.

હજુ બીજું પ્રમાણ આપું છું:

**"न कर्हिचिन्मत्पराः शान्तरूपे नङ्क्ष्यन्ति नो निमिषो लेढि हेतिः।**
**येषामहं प्रिय आत्मा सुतश्च सखा गुरुः सुहृदो दैवमिष्टम्"**
**'तान्नोपसीदत हरेर्गदयाभिगुप्तान्नैषां वयं न च वयः प्रभवाम दण्डे ।'**

"શાન્તરૂપ એવા મારામાં જે ભકતો તત્પર–આસકત–છે તે કદાપિ નાશ પામતા નથી; તેમને કાલચક્ર ગળતું નથી કે જે ભકતોને હું જ પ્રિય આત્મા છું, હું જ પુત્ર, હું જ સખા, હું જ ગુરુ, હું જ મિત્ર, હું જ

દેવ અને હું જ ઇષ્ટ છું." યમરાજા કહે છે કે, "હે દૂતો, તમો તેની પાસે ન જાઓ કે જેઓનું રક્ષણ ભગવાનની ગદાથી થઈ રહ્યું છે. તેમને તો હું તથા તમે પણ દણ્ડ કરવા સમર્થ નથી." આ પ્રમાણે ભક્તોને કાલના અધીનમાં રહેવાનું નથી તે શું સૂચવે છે કે ભક્તિ કર્મથી સાધ્ય નથી જ. કર્મ તો તે તે કાલે જ કરવાનાં હોવાથી કાલને અધીન છે. કાલસાધ્યસાધનથી સિદ્ધ થતું ફલ પણ કાલપરિચ્છેદ્ય હોવાથી સ્વર્ગાદિકની માફક બ્રહ્મભાવને પણ કાલસાધ્યત્વ આવે છે, અને તેથી બ્રહ્મભાવસાધ્ય મુક્તિને પણ કાલપરિચ્છેદ્યત્વ લાગુ થાય છે.

**અનુગ્રહ જ ભક્તિમાર્ગનો નિયામક હોવાથી ભક્તિમાર્ગ લોકવેદાતીત છે એવું જેને ભાન છે અને ભક્તિમાર્ગ ઉપર જેને વિશ્વાસ છે તેને જ માટે આ ગ્રન્થ લખ્યો છે.**

બીજું ખાસ એ ધ્યાનમાં રાખવાનું છે કે

**यदा यमनुगृह्णाति भगवानात्मभावितः ।**
**स जहाति मतिं लोके वेदे च परिनिष्ठिताम् ॥**

જ્યારે આત્મામાં ભાવના કરાયેલા ભગવાન જેના ઉપર અનુગ્રહ કરે છે તે મનુષ્ય લોકમાં અને વેદમાં પરિનિષ્ઠિત—સજડ ચોટેલી—બુદ્ધિને પણ તજે છે. પ્રભુના અનુગ્રહથી જ ભક્તિમાર્ગમાં લોકવેદાતીતનું ભાન થાય અને પ્રભુ ઉપર વિશ્વાસ થાય, તેને માટે જ આ ગ્રન્થ દ્વારા કંઈક લેશમાત્ર જ્ઞાન પ્રકાશિત કર્યું. પરંતુ જેનો ભક્તિમાર્ગમાં વિશ્વાસ નથી, જેની બુદ્ધિમાં ભક્તિમાર્ગનું લોકવેદાતીતત્વ ઊતર્યું નથી, તેને માટે વધારે કહેવું વ્યર્થ છે.

**અન્યાશ્રય માથું ગયે પણ ન કરવો.**

**गोपीशपदसर्वस्वः पितृपादाब्जसेवकः ।**
**निर्णीतवान् भक्तिहेतुं निगूढाशयविट्ठलः ॥ १ ॥**

**अहं कुरङ्गीदृग्भङ्गिसङ्गिनाङ्गीकृतोऽस्मि यः ।**
**अन्यसम्बन्धगन्धोऽपि कन्धरामेव बाधते ॥ २॥**

શ્રીગોપીજનવલ્લભ એ જ જેમનું સર્વસ્વ છે, શ્રીપિતૃચરણ–આચાર્ય-ચરણ–કમલના સેવક અત્યન્ત ગૂઢ આશયવાળા (વિઠ્ઠલે) આ "ભક્તિહેતુ" નામના ગ્રન્થથી અનુગ્રહ એ જ ભક્તિનો હેતુ છે એવો નિર્ણય કર્યો ॥ ૧ ॥ મને મૃગલોચનીના સંગી શ્રીકૃષ્ણચન્દ્રે અંગીકૃત કર્યો છે, તેથી અન્ય સર્વના સમ્બન્ધનો ગન્ધ માત્ર પણ મારી કન્ધરા–ડોક–ને પીડા કરે છે. અર્થાત્ બીજાનો જરા પણ સમ્બન્ધ થવો એ મારી ડોકની બાધાસમાન છે. (श्रीप्रभुचरणाः ।)

**ભક્તિના હેતુનો વિચાર કરી ભક્તિમાં પ્રવૃત્ત થવું.**

**भक्तिहेतुं विनिश्चित्य प्रवृत्तो भजने तु यः ।**
**तन्मनस्तोषकारिण्यस्त्वियं कृतिरखण्डिता ॥ १ ॥**

**श्रीविट्ठलपदाम्भोजस्मृतिमात्रहताशुभः ।**
**कृतवान् रघुनाथोऽहं भक्तिहेतुप्रकाशनम् ॥ २ ॥**

જે ભક્તિના હેતુનો નિશ્ચય કરીને ભક્તિમાં પ્રવૃત્ત થયો છે તેના મનને સંતોષ કરનારી આ અખંડ કૃતિ થાઓ.

શ્રીપ્રભુચરણકમલના (શ્રીગુંસાઇજીના ચરણકમલના) સ્મરણમાત્રથી જેમનું અશુભ નષ્ટ થયું છે એવા **શ્રીરઘુનાથજી**એ આ ભક્તિહેતુનો પ્રકાશ કર્યો. (श्रीरघुनाथचरणाः ।)

श्रीप्रभुचरणविरचित "**भक्तिहेतु**" नो अनुवाद श्रीरघुनाथजीकृत टीकाना आशयथी सम्पूर्ण थयो ॥